# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જયદીપ વૈષ્ણવ

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૮-૧૦-૨૦૨૩ સમય- સાંજે-૬.૨૫**

---

## વાયુસેના સ્થાપના દિવસ :

શૌર્ય અને વીરત્વ વ્યક્તિની ગરિમા અને ગૌરવ વધારે છે.વીરત્વના ભાવ સાથે રાષ્ટ્રની સેવામાં સમર્પિત ભારતીય વાયુ સેનાએ ભારત અને ભારતીયોનું ગૌરવ વધાર્યું છે.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગાંધીનગર નજીક દક્ષિણ પશ્ચિમ વાયુ કમાનના હેડક્વાર્ટરમાં ભારતીય વાયુ સેનાના સ્થાપના દિવસ નિમિતે આયોજિત સમારોહમાં આમ જણાવ્યું હતું.આજે ૯૧મા વર્ષે ભારતીય વાયુ સેના વિશ્વની ત્રીજી શક્તિશાળી વાયુસેના ગણાય છે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ યુનિવર્સીટી-ગ્રાન્ટ :

ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીને રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન રૂસાની 20 કરોડની ગ્રાન્ટ મંજુર થઈ છે.આ ગ્રાન્ટ અંતર્ગત એમબીએનું નવું અધ્યતન બિલ્ડિંગ બનાવવા સાથે સ્માર્ટ કલાસની સંખ્યા પણ બમણી કરાશે.નવા બાંધકામ માટે 7 કરોડ, રીનોવેશન અપગ્રેડેશન માટે 7 કરોડ અને નવા સાધનોની ખરીદી માટે 6 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.નેકની માન્યતા

મેળવવા માટે ખુટતી કડીઓ દુર કરવાના એક ભાગરૂપ સ્માર્ટ કલાસનીં સંખ્યા હાલની સ્થિતિ કરતાં બમણી કરાશે.

**જયદીપ વૈષ્ણવ**

---

## પત્રકાર એકતા પરિષદ :

પત્રકાર એકતા પરિષદનું કચ્છ જિલ્લા સંગઠનનું અધિવેશન આજે ભુજ ખાતે યોજાયું હતું.આ સંગઠન રાજ્યનાં બધા 33 જિલ્લામાં તેની શાખાઓ ધરાવે છે.ભુજમાં યોજાયેલ પત્રકાર અધિવેશનનું ઉદઘાટન સંસદ સભ્ય વિનોદ ચાવડા,જિલ્લા ભાજપ પ્રમુખ દેવજી  વરચંદ અને અન્ય અગ્રીઓના હસ્તે થયું હતું.વિવિધ અગ્રણીઓએ પત્રકાર સંગઠનનાં મહત્વ પર ભાર મૂક્યો હતો.કચ્છમાં પત્રકારત્વ અને પ્રસારણ ક્ષેત્રની સુદીર્ઘ કારકિર્દી બદલ વરિષ્ઠ પત્રકાર અને આકાશવાણી ભુજના નિવૃત્ત સમાચાર વાચક ચંદ્રવદન પટ્ટણીનું સન્માન કરવા માં આવ્યું હતું.

**ચંદ્રવદન પટ્ટણી**

---

## કચ્છ-ટપાલ વિભાગ :

કચ્છના ટપાલ વિભાગ દ્વારા કાલે 9 ઓક્ટોબર, સોમવારે વિશ્વ ટપાલ દિવસ નિમિતે કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ યોજના, સેવાઓનો લાભ લોકોને ઘરબેઠા આપવાની સાથે સોમથી શુક્રવાર સુધી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાશે.આ દિવસો દરમિયાન ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કની વીમા યોજના સહિત ટપાલ વિભાગની વિવિધ યોજનાઓના પ્રચાર-પ્રસાર સાથે નવા ખાતા ખોલાવાશે. જૂની ટપાલ ટિકિટોના સંગ્રહ, ટપાલ કચેરીઓમાં કયા-કયા પ્રકારની ટપાલ ટિકિટો ઉપલબ્ધ છે

વગેરે અંગે શાળાઓમાં સેમિનાર યોજાશે.તેર ઓક્ટોબરના અંત્યોદય દિવસ નિમિત્તે છે.વાડાના લોકોને વિધવા સહાય, વૃધ્ધ સહાય સહિતની સુવિધાઓનો લાભ અપાશે.

**જયદીપ વૈષ્ણવ**

---

## વન્ય પ્રાણી સપ્તાહ:

2થી 8મી ઓક્ટોબર દરમિયાન યોજાયેલા વન્યપ્રાણી સપ્તાહના આજે અંતિમ દિવસે કચ્છ પશ્ચિમ વન વિભાગ દ્વારા વન્યજીવો પ્રત્યે જાગૃતિ કાર્યક્રમ યોજાઇ ગયો.GMDC હાઈસ્કૂલ, સુખપર ખાતે, યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ સ્કૂલના ૩00 જેટલા બાળકોએ ભાગ લીધો હતો.આ પ્રસંગે વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન વિષય પર નિબંધ સ્પર્ધા,ચિત્ર સ્પર્ધા સહિત કચ્છના વન્યજીવોની ઓળખાણનું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં કચ્છ પશ્ચિમ વન વિભાગના પ્રમુખ,જિલ્લાના અગ્રણીઓ,ગામના લોકો તેમજ વન્યજીવ સંરક્ષણમાં રસ ધરાવતા લોકો સહભાગી થયા હતા. વિજેતા બાળકોને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા.

**RNU અમદાવાદ**

---

## વિશ્વકપ-ક્રિકેટ :

ચેન્નાઈના એમ.એ ચિદમ્બરમ સ્ટેડીયમ ખાતે વિશ્વકપ ક્રિકેટની મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત સામે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં ૪૯.૩ ઓવરમાં ૧૯૯ રન બનાવ્યા હતા.ડેવિડ વોર્નર ૪૧ અને સ્ટીવ સ્મિથે ૪૬ રનનું યોગદાન આપ્યું હતું.ભારત વતી રવીન્દ્ર જાડેજાએ ૩ તેમજ કુલદીપ યાદવ અને જસપ્રીત બુમરાહે ૨-

૨ વિકેટ મેળવી હતી.આમ ભારતને મેચ જીતવા માટે ૫૦ ઓવરમાં ૨૦૦ રનનો લક્ષ્યાંક અપાયો છે.

**જયદીપ વૈષ્ણવ**

---------------------------------------------------------------------------------------------